## મહે.ઝાલોદના એડી.ચીફ જયુડી મેજી.જજ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.ઝાલોદ.

ક્રિ.કેસ નં. ૨૨૪૦ / ૨૦૨૫

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી – પ્રતાપભાઈ તેરસીંગભાઈ ડામોર

રહે. પોલાપાણ, તા.ગાગડતલાઈ જી.બાસવાડા

**ગુન્હો :– એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા પ્રોહીએકટની કલમ–૬૬(૧),(બી) મુજબ..**

:: ઠરાવ ::

- ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગે.કા.રીતે વગર પાસ પરમીટે પોતાના કબ્જાની મોટર સાયકલ જાહેર રોડ ઉપર ફેકી પીણી પીધેલી હાલમા વાકી ચુકી ચલાવી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, તે સબબની ફરીયાદ ફરીયાદીએ આપતા ફરીયાદીની ફરીયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરુધ્ધ એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા પ્રોહીએકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હાઓ સબબનું ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટ રજુ થતાં આરોપી વિરુધ્ધ પ્રોસેસ ઈશ્યુ કરાતા આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીએ આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરશીશ રજુ કરતાં તે રેકર્ડ ઉપર નોંધવામાં આવેલ છે અને આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જે પ્લીમાં તેમની સામેના ગુનાનું તહોમતનામું વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે.
- આરોપી તેમની કબુલાત પુરશીશ આજરોજ આપી જણાવે છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપીઓ ગરીબ વર્ગના માણસ છીએ અને અમો મજુરી કરીએ છીએ. અમો અમારા કુટુંબના કમાનાર એક માત્ર વ્યકિત છીએ. અમો બાળ બચ્ચાવાળા છીએ. અમારા કુટુંબની ભરણપોષણની જવાબદારી અમારી છે. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને તેથી કાયદામાં જણાવેલ મહતમ સજા ન કરી અમો પર દયા કરવા નામ.કોર્ટને વિનંતી છે.
- હાથ ઉપરના કેસમાં આરોપીને કાયદા હેઠળની સમજ કરવામાં આવેલ છે તેમ છતા તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત કબુલાતને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **-// હુ ક મ //-**

- આ કામના આરોપીને બી.એન.એસ.એસ ની કલમ- ૨૭૫ મુજબ એમ.વી.એકટની કલમ-૧૮૫ પ્રોહીએકટની કલમ-૬૬(૧)(બી) મુજબ ના ગુનાના કામે દોષિત ઠરાવી રૂા.૨,૦૦૦(અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ના ભરે તો દિન-૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.
- મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ મોટર સાયકલ અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા અલગ થી ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ- ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગ જજ તરીકે વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :- ઝાલોદ.
તારીખ:- ૧૪/૦૩/૨૦૨૬

**( સુહેલ અબ્દુલ રસીદ ટેલર )**
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ઝાલોદ, જી.દાહોદ.
Code No. GJ00990